# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-01-2026** **Midday : 2.30 TO 2.35 PM**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# ABVP ABHIVADAN SAMAROH

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ABVPના સૌ કાર્યકર્તાઓ અને વિદ્યાર્થી નેતાઓ આજીવન પોતાની ઉર્જાથી રાજ્ય અને દેશની પ્રગતિમાં સહભાગી રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. આણંદમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ – ABVPના 57-મા પ્રદેશ અધિવેશનના ઉદ્ઘાટન સમારોહને સંબોધતા શ્રી સંઘવીએ રાજ્યની કોઈ પણ મહાવિદ્યાલયમાં કેફી પદાર્થનું વેચાણ ન થાય અને વિદ્યાર્થીઓ તેનું સેવન ન કરે તે માટે પોલીસની મદદ કરવા કાર્યકર્તાઓને અપીલ કરી.

શ્રી સંઘવીએ શૈક્ષણિક સંસ્થાના પરિસરની સમસ્યાઓના માધ્યમથી યુવાનોના સહકારથી વૃક્ષારોપણ , જળસંચયના જેવા કામ કરવા જણાવ્યું. તેમજ તેમણે સામાજિક સમરસતા માટે વંચિત અને પછાત વિસ્તારમાં શિક્ષણની જ્યોત જગાડવાનું કામ મજબૂત કરવા સૌને આગળ આવવા પણ અનુરોધ કર્યો.

. . . .

# ANGANWADI TALIM

રાજ્યના ત્રણ હજાર 691 નવનિયુક્ત આંગણવાડી કાર્યકર્તાઓની બે દિવસની તાલીમ સંપન્ન થઈ. આ સાથે બાળકોના પાયાના શિક્ષણ અને પોષણને નવી ઊર્જા મળશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

તાલીમમાં બાળકોના ભણતરમાં ગુણાત્મક બદલાવ પર વિશેષ ભાર અપાયો. હવે, કાર્યકરો આધુનિક શૈક્ષણિક પદ્ધતિઓ દ્વારા બાળકોને રમત -ગમત સાથે પાયાનું શિક્ષણ આપશે. તેમજ વિવિધ ઍપ્લિકેશન અને મૉડ્યુલના ઉપયોગથી બાળકોની પ્રગતિનું ટ્રૅકિંગ વધુ સચોટ બનશે.

. . . . .

# ARVALLI SAFETY GUARD

અરવલ્લી જિલ્લામાં વિવિધ વિસ્તારમાં વાહનચાલકોને માર્ગ સલામતી અંગેની માહિતી અપાઈ. સાથે જ માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત મોડાસામાં ઉત્તરાયણ પર્વને લઈ દ્વિ-ચક્રી વાહન પર સેફ્ટી ગાર્ડ લગાવાયા. આ અંગે નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક જે. ડી. વાઘેલાએ વધુ માહિતી આપી.

(BYTE: J. D. VAGHELA, DySP)

. . . . .

# SURENDRANAGAR CHECKING

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ- PGVCL દ્વારા વીજચોરી અટકાવવા સુરેન્દ્રનગર જિલ્લાના સુરેન્દ્રનગર શહેર , લીંબડી અને ધ્રાંગધ્રાના ગામોમાં તપાસ હાથ ધરી.

આ દરમિયાન ઘર વપરાશના 3 હજાર 212 , વાણિજ્યના 56 અને ખેતીવાડીના 23 સહિત કુલ 3 હજાર 291 વીજ જોડાણોની ચકાસણી કરવામાં આવી. જેમાં 565 વીજ જોડાણોમાં ગેરરીતિ સામે આવતા તમામ કસૂરવારો સામે કાર્યવાહી કરી કુલ 2 કરોડ 51 લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો.

. .

# BIS AMDAVAD DAY

ભારતીય માનક બ્યૂરો – B.I.S. અમદાવાદનો 79-મો સ્થાપના દિવસ ઉજવાયો. IIT ગાંધીનગરના જિબાબેન પટેલ સ્મૃતિ સભાગારમાં BIS સ્થાપના દિવસ અને ગુણવત્તા પરિષદનું આયોજન કરાયું. તેમાં BISની ભૂમિકા અને રાજ્યના ઉદ્યોગોમાં તેની સિદ્ધિને ઉજાગર કરવામાં આવી. BISના નિદેશક સુમિત સેનગરે BISની 78 વર્ષની સિદ્ધિઓ અને વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી હતી.

(BYTE: SUMIT SENGAR, DIRECTOR, BIS AMDAVAD)

. . . . . . . . . .

# RAJKOT RAILWAY

રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ઓખા–વારાણસી એક્સપ્રેસ ટ્રેનને ઉત્તરપ્રદેશના પ્રયાગ સ્ટેશન પર અસ્થાયી સ્ટોપેજ અપાયું છે. ટ્રેન સંખ્યા 22969 ઓખા–વારાણસી એક્સપ્રેસનું પ્રયાગ સ્ટેશન પર આગમન સમય રાત્રે 11 વાગીને 23 મિનિટે અને પ્રસ્થાન સમય રાત્રે 11 વાગીને 25 મિનિટનો રહેશે.

આ વ્યવસ્થા 20 ફેબ્રુઆરી સુધી અમલમાં રહેશે. માઘ મેળો- 2026ના પાવન અવસર પર પ્રયાગરાજ આવતા-જતા શ્રદ્ધાળુઓની ભીડ અને તેમની સુવિધાને ધ્યાનમાં રાખીને, રેલવે પ્રશાસન દ્વારા આ નિર્ણય લેવાયો છે.

. . . .

# VIJAY HAZARE TROPHY

ક્રિકેટની વિજય હજારે ટ્રોફી એલિટમાં આજે સૌરાષ્ટ્ર અને સર્વિસિસ વચ્ચે મેચ રમાઈ રહી છે. સૌરાષ્ટ્રની ટીમે પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત 50 ઓવરમાં 5 વિકેટે 349 રન કર્યા છે. ટીમના કપ્તાન હાર્વિક દેસાઇએ શાનદાર સદી ફટકારતા 110 રન બનાવ્યા હતા.

બીજી તરફ સર્વિસિસના બોલર પુલકિત નારંગે 3 વિકેટ ઝડપી. સર્વિસિસને જીતવા 350 રનનો લક્ષ્યાંક મળ્યો છે. બીજી તરફ બેંગલુરુમાં રમાઈ રહેલી મેચમાં ગુજરાતે ઓડિશાને જીતવા 334 રનનું લક્ષ્ય આપ્યું છે.

ગુજરાતના ચાર ખેલાડીઓએ પચાસ રનથી વધુનો સ્કોર નોંધાવ્યો હતો. રાજકોટમાં રમાઈ રહેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં બરોડા 332 રનમાં ઓલઆઉટ થયું છે. પ્રિયાંશુ મોલિયા અને વિષ્ણુ સોલંકી શાનદાર શતક નોંધાવ્યા હતા.

. . .